# ઉત્તરાયણ

ઉત્તરાયણ ૧૪મી જાન્યુઆરીએ આવે છે. આ દિવસે સૂર્ય મકરરાશિમાં પ્રવેશતો હોવાથી તેને 'મકરસંક્રાંતિ' પણ કહે છે.

ઉત્તરાયણના આગલા દિવસે બજારમાં ઘણી ભીડ જોવા મળે છે. લોકો મોડી રાત સુધી પતંગ અને દોરીની ખરીદી કરે છે. તેઓ રાતે પતંગોને કિન્ના બાંધે છે.

ઉત્તરાયણના દિવસે લોકો સવારે જ ધાબા પર પહોંચી જાય છે. અને પતંગ ચગાવે છે. આકાશ રંગબેરંગી પતંગોથી દીપી ઊઠે છે. ચારે બાજુ 'કાટા'.... 'કાટા'.... 'લપેટ'... 'લપેટ' ની બૂમો સંભળાય છે.

ઉત્તરાયણના દિવસે લોકો તલસાંકળી, બોર, જામફળ વગેરે ખાય છે. લોકો બ્રાહ્મણો અને ગરીબોને દાન કરે છે; ગાયને ઘાસ અને

ઘૂઘરી ખવડાવે છે.

કેટલાક લોકોને પતંગ પકડવામાં મઝા આવે છે. પતંગ પકડવા જતાં કેટલાક લોકો વાહનો સાથે અથડાઈ જાય છે. કેટલાક લોકો ધાબા પરથી નીચે પડી જાય છે.

મને પતંગ ચગાવવાનો શોખ છે. તેથી ઉત્તરાયણ મારો પ્રિય તહેવાર છે.

## વૃક્ષો - આપણાં મિત્રો

વૃક્ષો ધરતી પરની શોભા છે.

વૃક્ષો માણસો અને પશુપંખીઓ માટે ઘણાં ઉપયોગી છે. વૃક્ષો આપણને મીઠાં ફળ આપે છે. ઘટાદાર વૃક્ષોની છાયામાં પશુઓ અને મુસાફરો આરામ કરે છે. વૃક્ષોની ડાળીઓ પર પક્ષીઓ માળા બાંધે છે. વૃક્ષોનાં મૂળ અને પાન જમીનનું ધોવાણ અટકાવે છે. વૃક્ષોનાં લાકડાંમાંથી આપણા ઘરનું રાચરચીલું બને છે. કેટલાંક વૃક્ષોનાં પાંદડાં, છાલ, મૂળ, ફળ વગેરે માણસને દવામાં ઉપયોગી છે. વૃક્ષોમાંથી લાખ, ગુંદર, મધ, સૂકો મેવો, રબર અને તેલ મળે છે.

વૃક્ષો હવાને શુદ્ધ રાખે છે. વૃક્ષો વાદળાંને ઠંડાં પાડે છે. આમ, તે વરસાદને ખેંચી લાવવાનું કામ કરે છે.

વૃક્ષો આપણને ઘણાં ઉપયોગી છે. આપણે વૃક્ષો કાપવાં જોઈએ નહિ. આપણે વધુ ને વધુ વૃક્ષો વાવવાં જોઈએ.

## 20 - Joyful Saturday

WEEK - 3 [12-1-26 to 17-1-26]

સંખ્યા ૮૧ થી ૧૦૦ અંક - શબ્દમાં

| | | | |
|---|---|---|---|
| ૮૧ | એક્યાશી | ૯૧ | એકાણું |
| ૮૨ | બ્યાશી | ૯૨ | બાણું |
| ૮૩ | ત્યાશી | ૯૩ | તાણું |
| ૮૪ | ચોર્યાશી | ૯૪ | ચોરાણું |
| ૮૫ | પંચ્યાશી | ૯૫ | પંચાણું |
| ૮૬ | છ્યાશી | ૯૬ | છન્નું |
| ૮૭ | સત્યાશી | ૯૭ | સત્તાણું |
| ૮૮ | અઠ્યાશી | ૯૮ | અઠ્ઠાણું |
| ૮૯ | નેવ્યાશી | ૯૯ | નવ્વાણું |
| ૯૦ | નેવું. | ૧૦૦ | સો |

Vasant panchami

## વ્યાકરણ - લિંગ

લિંગ એટલે જાતિ.

1) પુલ્લિંગ
2) સ્ત્રીલિંગ
3) નપુંસકલિંગ

1) પુલ્લિંગ :-
'કેવો' પ્રશ્ન પૂછવાથી જે નામ મળે છે તેને નરજાતિનાં નામ કહેવાય છે. નરજાતિને 'પુલ્લિંગ' પણ કહેવાય છે.
ઉ.દા :- માણસ કેવો?, સિંહ કેવો?

2) સ્ત્રીલિંગ :-
'કેવી' પ્રશ્ન પૂછવાથી જે નામ મળે છે તેને નારીજાતિનાં નામ કહેવાય છે. નારીજાતિને 'સ્ત્રીલિંગ' પણ કહેવાય છે.
ઉ.દા. ચકલી કેવી?, છોકરી કેવી?

3) નપુંસકલિંગ :-
'કેવું' પ્રશ્ન પૂછવાથી જે નામ મળે છે તેને નાન્યતરજાતિનાં નામ કહેવાય છે. નાન્યતરજાતિને 'નપુંસકલિંગ' પણ કહેવાય છે.
ઉ.દા. દૂધ કેવું?, બાળક કેવું?

PAGE No.
DATE

# સંયોજક :-

વ્યાખ્યા :-
જે શબ્દ બે વાક્યોને જોડવાનું કામ કરે છે તે શબ્દને સંયોજક કહે છે. 'એટલે, અને, કે, અથવા, પણ, છતાં' વગેરે સંયોજકો છે.

૧) મહાદેવ રડતો ગયો. તે પોતાની વાત કહેતો ગયો.
જ) મહાદેવ રડતો ગયો અને પોતાની વાત કહેતો ગયો.

૨) તે માંદો હતો. તેણે પરીક્ષા આપી.
જ તે માંદો હતો છતાં તેણે પરીક્ષા આપી.